ઈ-મેઈલ

ક્માંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૮૮૧૨-૯

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૦૩/૦૭/૨૦૨૩

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય : રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લેવા બાબત.
સંદર્ભ : સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીનો
તા.૨૨/૬/૨૦૨૩ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, NCSTC દ્વારા યોજવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ્નો પ્રસાર કરવાનો છે. જેમાં ૧૦ થી ૧૪ વર્ષ (નીચલી વયજૂથ) અને ૧૪ થી ૧૭ વર્ષ (ઉપલી વયજૂથ) ના બે જૂથમાં ભાગ લઈ શકાય છે. આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર ગુજરાત રાજ્યનું કો-ઓર્ડિનેટર છે.

વર્ષ ૨૦૨૩ નો વિષય: Understanding Ecosystem for Health and Well Being (આરોગ્ય અને સુખાકારી માટે જીવસૃષ્ટિની સમજણ) છે, જેના પાંચ પેટા વિષયો છે. રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવેલ છે. આ પ્રવૃતિમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી રાજયના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે.

૧. આ કાર્યક્રમમાં બે વિદ્યાર્થીઓની એક ટીમ બનશે અને પ્રોજેક્ટ અને ટીમની નોંધણી જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે કરાવવાની રહેશે.
૨. આ પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું અને ટી.એ (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.
૩. પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.
૪. જીલ્લા કક્ષામાંથી પસંદ થયેલ વિધાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજય સ્તર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે ત્યારબાદ જો પ્રોજેક્ટ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં માટે પસંદ થાય તો પ્રોજેકટનો ટીમ લીડર ભાગ લેશે.
૫. રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટેનો પ્રવાસ ભથ્થું ખર્ચ ગુજકોસ્ટ દ્વારા ચૂકવવામાં આવશે.
૬. તદઅનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમાં રાજયની તમામ શાળાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિંનતી છે .
૭. આ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વિધાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે માટે શાળાના ઉત્સાહી, શિક્ષકોને વધુ

પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનુ વાતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

બિડાણઃ ઉપર મુજબ.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,. ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :- સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેક્ટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧